# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 29-08-2026 Day: Saturday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **આશુતોષ અંતાણી** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી-ઉઝબેકિસ્તાન:

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી ઉઝબેકિસ્તાનના પ્રવાસે જશે. તાશ્કંદના બે દિવસના પ્રવાસ દરમિયાન, પ્રધાનમંત્રી ઉઝબેકિસ્તાનના રાષ્ટ્રપ્રમુખ શ્રી શવકત મિર્ઝીયોયેવ સાથે બંને દેશ વચ્ચેની વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવી શકાય તે માટે પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો કરશે.**

**--------------------------------------------------------------------------------------------**

## પ્રધાનમંત્રી-જન ધન યોજના:

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે છેલ્લા 12 વર્ષોમાં જન ધન યોજનાના અભૂતપૂર્વ, પરિવર્તનશીલ પરિણામ અજોડ રહ્યા છે. શ્રી મોદીએ સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું કે આ યોજના નાણાકીય સમાવેશને પ્રોત્સાહન આપવા અને દેશના લોકોને સશક્ત બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે.**

**--------------------------------------------------------------------------------------------**

## કેન્દ્ર સરકાર-ખાંડ:

**સરકારે જણાવ્યું, દેશમાં ખાંડની કોઈ અછત નથી અને વાજબી ભાવે પૂરતા પ્રમાણમાં ખાંડ ઉપલબ્ધ કરાવવા તમામ જરૂરી પગલાં લેવાશે. ગ્રાહક બાબતોના મંત્રાલયે જણાવ્યું, તાજેતરના દિવસોમાં ખાંડની મિલોથી બહાર ખાંડની કિંમતમાં અંદાજે 20 ટકાનો ઘટાડો થયો**

છે. જ્યારે છૂટક ખાંડના ભાવમાં પણ ઘટાડો થયો છે. સરકાર દેશભરમાં ખાંડની કિંમત અને જથ્થા પર ચાંપતી નજર રાખી રહી છે.

સરકારે ખાંડની સમયસર ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા વર્તમાન માસિક ફાળવણી પ્રણાલિની જગ્યાએ આવતા મહિનાથી પખવાડિયા ખાંડ ફાળવણી પ્રણાલિ શરૂ કરવાનો નિર્ણય કર્યો. તે અંતર્ગત ખાંડની મિલોને પહેલા અઠવાડિયામાં ઓછામાં ઓછી 40 ટકા ફાળવણી અને બાકીની ખાંડ આગામી અઠવાડિયે વેચવી પડશે.

---

## રાજ્ય- સ્પોર્ટ્સ જિનોમિક્સ પ્રો ્રામ:

રાજ્યમાં રમતવીરોની પ્રતિભા શોધવા સ્પોર્ટ્સ જિનોમિક્સ કાર્યક્રમનો પ્રારંભ કરાયો. ગુજરાત બાયોટૅક્નોલૉજી સંશોધન કેન્દ્ર – GBRC દ્વારા હાથ ધરાયેલી આ પહેલ હેઠળ ગુજરાત એથ્લીટ જિનોમ ડેટાબેઝ - G-AGD તૈયાર કરાશે. ખેલાડીઓના DNA અને રમતગમતમાં તેમના પ્રદર્શન વચ્ચેના સંબંધના અભ્યાસ એટલે કે, સ્પોર્ટ્સ જિનોમિક્સ કાર્યક્રમ શરૂ કરનાર ગુજરાત દેશનું પહેલું રાજ્ય હોવાનું વિજ્ઞાન અને ટેક્નોલૉજી મંત્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું.

---

## રાજ્ય-નેપાળપુર-રાજ્યના લાપતા લોકો:

નેપાળ-તિબેટ સરહદ પર વિનાશક પૂર બાદ નેપાળમાં અત્યાર સુધી ગુજરાતના 24 લોકો ગુમ હોવાના અહેવાલ છે. SEOC એટલે કે, રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્રને વિવિધ જિલ્લામાંથી 24 લોકો ગુમ હોવાની માહિતી મળી છે.

દરમિયાન સુરતમાં પત્રકારો સાથેની વાતચીતમાં કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી આર પાટિલે કહ્યું, આ સમગ્ર મામલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ નેપાળની સરકાર સાથે સતત સંપર્કમાં છે.

---

# પ્રધાનમંત્રી-મન કી બાત:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે રવિવારે સવારે 11 વાગ્યે આકાશવાણી પરથી “મન કી બાત” કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 137-મી કડી હશે. આ કાર્યક્રમનું પ્રસારણ આકાશવાણી અને દૂરદર્શનની તમામ ચેનલ્સ, આકાશવાણી સમાચારની વેબસાઈટ અને મોબાઈલ એપ પર કરાશે.

સાથે જ આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યાલય – PMO તથા માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુ-ટ્યૂબ ચેનલ્સ પર પણ “મન કી બાત” કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે. હિન્દી પ્રસારણ બાદ તરત જ આકાશવાણી પ્રાદેશિક ભાષાઓમાં પણ આ કાર્યક્રમનું પ્રસારણ કરશે. મન કી બાત કાર્યક્રમ અંગેનું વિશેષ કચ્છી બુલેટીન આકાશવાણીના ભુજ કેન્દ્ર પરથી આવતીકાલે સાંજે 7  અને 5 મિનિટે પ્રસારીત કરાશે.

---------------------------------------------------------------------------------------------

# કચ્છ-ભુજ-નીટ પરીક્ષા-જાહેરનામુ:

રાષ્ટ્રીય પરીક્ષા બોર્ડ, સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ભારત સરકાર દ્વારા નીટની પરીક્ષા આવતીકાલ તા. 30-8 રવિવારે યોજાશે. આ પરીક્ષા દરમ્યાન પરીક્ષા કેન્દ્રના સ્થળ ભુજના યુનિવર્સિટી કેમ્પસના બિલ્ડિંગની 100 મીટર ત્રિજ્યાના વિસ્તારમા આવતીકાલે સવારે 6થી બપોરે 3 કલાક સુધી , અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, કચ્છ દ્વાર વિવિધ પ્રતિબંધ ફરમાવાયા છે.

પરીક્ષા કેન્દ્રો, બિલ્ડિંગોના મુખ્ય પ્રવેશદ્વાર પાસે જ પોલીસ કર્મચારીએ ઊભા રહી જે પરીક્ષાર્થી પાસે પ્રવેશિકા (રસીદ) હોય તે ચકાસીને જ માત્ર પરીક્ષાર્થીને જ પ્રવેશ આપવાનો રહેશે.

---------------------------------------------------------------------------------------------

# કચ્છ-ભુજ-માધાપર-NDRF મોકડ્રીલ:

**માધાપર પંચાયતી પ્રાથમિક કન્યાશાળા ખાતે બાળકોમાં આપત્તિઓ સામે જાગૃતિ લાવવાના હેતુથી નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સની ટીમ દ્વારા વિશેષ મોકડ્રિલ અને જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.**

**----------------------------------------------------------------------------------------------------------**